# "સઘળું જોઈ વિચારી ચાલો તો વાંધો નહીં આવે સમયની ચાલને સમજીને ચાલો તો વાંધો નહીં આવે"

## મીન (દ.ચ.ઝ.)



**મીન રાશિનાં જાતકો માટે સંવત 2082 આશાસ્પદ રહેશે. કાર્યક્ષેત્રે નવી તકો મળશે પરંતુ નિર્ણયો લેતી વખતે સાવધાની રાખવી. આર્થિક સ્થિતિ સુધરશે, ખાસ કરીને વેપારમાં લાભ થશે. પરિવારમાં ધૂપ-છાંવ જેવી પરિસ્થિતિ રહેશે. સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું. પ્રેમજીવનમાં સ્થિરતા, સમજણ અને ગંભીરતા વધશે. શનિની સાડાસાતીનો પડકારજનક તબક્કો ચાલી રહ્યો છે. તેથી ધીરજ રાખી કામ કરવું. અંતે સફળતા મળશે. અંત અચ્છા તો સબ અચ્છા. શનિ કર્મ ફળદાતા મનાય છે. સારા કર્મનાં ફળ સારાં આપે છે.**

### જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર

### માનસિક સ્થિતિ : મન કે હારે હાર હૈ..મન કે જીતે જીત

સંવત 2082માં માનસિક અવસ્થા ઘણી વાર કસોટીમાંથી પસાર થાય. શનિ પહેલા ભાવમાં હોવાથી જાતકોને ક્યારેક ભારણ, એકલતા અથવા આત્મવિશ્વાસની કમી અનુભવાઈ શકે. સ્વભાવ અંતર્મુખી (Introvert) બની શકે. કવચિત્ કટુ અનુભવોથી જીવન પ્રત્યે વૈરાગ્યવૃત્તિનો અહેસાસ થાય. પરંતુ તા. **5મી ડિસેમ્બરથી પહેલી જૂન દરમિયાન ચોથા સ્થાને રહેતો ગુરુમિત્ર, સંતાન અને ગૃહસ્થજીવનથી સુખી બનાવે.** પહેલી જૂનથી ગુરુ પાંચમા ભાવમાં હોવાથી મનમાં નવી ઊર્જા, આશાવાદ અને ધાર્મિક વલણ વધશે. રાહુ બારમા ભાવમાં હોવાથી ક્યારેક ભ્રમ, ચિંતા અથવા વિદેશી બાબતો વિષે માનસિક દબાણ વધી શકે છે. ધ્યાન, યોગ અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો આશ્રય લેવો.

### આરોગ્ય : મિશ્ર પરિસ્થિતિ

આ વર્ષે આરોગ્ય બાબતે પરિસ્થિતિ મિશ્રિત રહેશે. શનિના કારણે માનસિક થાક, ડિપ્રેશન અથવા સાંધા-હાડકાંની તકલીફ થઈ શકે. રાહુ બારમા ભાવમાં હોવાથી નિદ્રા ન આવવી, આંખ કે પગની સમસ્યાઓ થઈ શકે. વાયરલ બીમારીઓ થઈ શકે પણ ખાસ ચિંતાનું કોઈ કારણ નથી. **દેહાધિપતિ ગુરુના પ્રભાવથી તંદુરસ્તી એકંદરે સારી રહે.** મન-શરીરને તાજગી આપશે. વજન વધવાની પણ શક્યતા છે.

### વ્યાપાર-ધંધો : મંજિલ મિલેગી થકના નહીં

ધંધામાં ધીમી પરંતુ સ્થિર વૃદ્ધિ મળશે. શનિ જાતકોને મહેનત કરાવશે અને મોડું ફળ આપશે. વ્યાપાર ધંધામાં વખતોવખત રૂકાવટ અને મંદીનો અહેસાસ થાય. ભાગીદારીવાળા ધંધામાં પણ પ્રશ્નો ઊભા થઈ શકે પરંતુ **ધીરજ અને સંયમ રાખી પ્રશ્નો ઉકેલવા. લાંબા ગાળે સફળતા ચોક્કસ છે.** ખાસ કરીને તા. 1લી જૂનથી વર્ષના અંત સુધી ગુરુ પાંચમા ભાવમાં હોવાથી પરિસ્થિતિ આપને સાનુકૂળ બને. ગુરુ પાંચમા ભાવમાં હોવાથી રોકાણ, કન્સલ્ટન્સી, શિક્ષણ અને સર્જનાત્મક ક્ષેત્રે અવસર મળે. રાહુ બારમા ભાવમાં હોવાથી વિદેશી જોડાણો અથવા આયાત-નિકાસથી લાભ થઈ શકે, પરંતુ અતિ જોખમ ન લેવું. અતિ સર્વત્ર વર્જયેત.

### નોકરી / કારકિર્દી : પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી

નોકરીમાં મીન જાતકોને ટાર્ગેટ પૂરો કરવા પોતાનું સ્થાન ટકાવી રાખવા અને પ્રગતિ સાધવા ભારે મહેનત કરવી પડે. શનિના કારણે જવાબદારીઓ વધે, કાર્યસ્થળે વિલંબ કે દબાણ રહે. પરંતુ ગુરુનો સાનુકૂળતાથી અધિકારીઓનો સહકાર મળશે અને પ્રગતિ થાય. વિદેશી કંપની અથવા મલ્ટિનેશનલમાં કામ કરવાની તક. **વર્ષના અંત ભાગે પ્રમોશન કે નવી પોસ્ટ મળી શકે.**

### નાણાંકીય સ્થિતિ : સ્થગિત રહેશે

વર્ષ દરમિયાન શનિ અને રાહુની પ્રતિકૂળતાને કારણે નાણાંકીય સ્થિતિ સુધરવાની બહુ અપેક્ષા રાખી શકે નહીં. શનિના કારણે આવક ધીમે ધીમે વધશે પરંતુ રાહુ બારમા ભાવમાં હોવાથી અચાનક ખર્ચ થાય તેમજ સરકારી/અર્ધસરકારી પ્રકરણોના ચક્કરમાં ફસાઈ ના જવાય તે બાબતે સાવચેતી રાખવી. મોટી નાણાંકીય જવાબદારીઓ ઊભી કરવી નહીં. જો કે તા. 5મી ડિસેમ્બરથી 1લી જૂન સુધી ગુરુ ચોથા ભાવમાં રહે છે. આપને સુખી અને સમૃદ્ધ બનાવે. **આપને આવાસ અને વાહનનું સુખ આપે.** વિવિધ ભોગોનું સુખ આપે. તેવું ભૃગુસૂત્રમ્ અને સારાવલીમાં વર્ણન છે. તા. 1 લી જૂન પછી વર્ષના અંત સુધી પાંચમા ભાવમાં ભ્રમણ કરતો ગુરુ પણ આપને સમૃદ્ધિ અને આશ્ચર્ય આપી જાય. વિદેશ પ્રવાસ કે સારવાર પર વધુ ખર્ચ થઈ શકે. ફાઇનાન્સિયલ પ્લાનિંગ જરૂરી છે.

### પ્રેમ/પારિવારિક જીવ : કભી ખુશી કભી ગમ

આ વર્ષ પારિવારિક જીવનમાં કભી ખુશી કભી ગમ જેવી પરિસ્થિતિ રહેશે. શનિ પહેલા ભાવમાં હોવાથી જાતકોની વ્યસ્તતા પરિવાર પર અસર કરે. જીવનમાં કડવા અનુભવ




થાય અને સાંસારિક સુખનો અભાવ અને ઊણપ જણાય. જો કે પહેલી જૂન પછી ગુરુ પાંચમા ભાવમાં હોવાથી સંતાનથી આનંદ મળશે. સંતાનના અભ્યાસ અથવા કારકિર્દી વિષે સારા સમાચાર મળે. દાંપત્ય જીવનમાં કેતુ છઠ્ઠા ભાવમાં હોવાથી ક્યારેક મતભેદ અથવા નાના ઝઘડા થઈ શકે પરંતુ પરસ્પર વિશ્વાસ, સંવાદ અને સમજદારીથી ઉકેલી શકાશે. **પ્રેમ સંબંધો માટે આ વર્ષ સારું રહે. ગુરુના કારણે સંબંધો મજબૂત બનશે.** અવિવાહિત જાતકોને પ્રેમસંબંધમાંથી લગ્નની તક મળી શકે.

### શિક્ષણ : રસ્તો આસાન છે

વિદ્યાર્થીઓ માટે શુભ રહેશે. આપની રાશિનો અધિપતિ ગુરુ તા. 1લી જૂનથી પાંચમા ભાવમાં ભ્રમણ કરે છે. તેની શુભ દ્રષ્ટિ ભાગ્યસ્થાન પર તથા દેહભુવન (પોતાના ઘર) પર છે. આપને અભ્યાસમાં એકાગ્રતા, સર્જનાત્મકતા અને ભાગ્યનો સાથ આપી જશે. ને કારણે સારું પરિણામ મળશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળે. ઉચ્ચ અભ્યાસ અને રિસર્ચ માટે અનુકૂળ સમય. વિદેશમાં અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને રાહુ બારમા ભાવના કારણે સારી તક સાંપડે.

### કોર્ટકેસ : વિલંબે પણ સફળતા મળે

કેતુ છઠ્ઠા ભાવમાં હોવાથી કોર્ટ કેસોમાં અવરોધ કે વિલંબ થઈ શકે પરંતુ ગુરુના આશીર્વાદથી અંતે સકારાત્મક પરિણામ આવશે. શનિ કાયદાકીય મુદ્દામાં ધીરજ માગશે પરંતુ ન્યાય તમારા પક્ષે થશે. સરકારી કામકાજમાં શરૂઆતમાં વિલંબ છતાં વર્ષના અંતે સફળતા મળશે.

### સરકારી કામકાજ : સકારાત્મક પરિણામ મળે

સરકારી અર્ધ-સરકારી ટેન્ડર્સ, કોન્ટ્રાક્ટસ, લાયસન્સ યા અન્ય લાભ મેળવવામાં વિલંબ થાય પણ સફળતા મળે ખરી. ખાસ કરીને 1લી જૂનથી વર્ષના અંત સુધીનો સમયગાળો સરકારી કામકાજમાં સફળતાની મનોકામના પૂર્ણ કરે.

### પ્રવાસ : દરિયા પાર માટે થઇ જાઓ તૈયાર

પ્રવાસ માટે વર્ષ અનુકૂળ છે. **રાહુ બારમા ભાવમાં હોવાથી વિદેશ પ્રવાસની તકો વધારે રહે.** નોકરી-વ્યવસાય અથવા અભ્યાસ માટે વિદેશ યાત્રા થઈ શકે. શનિના કારણે નાના પ્રવાસો વધુ થાય પરંતુ થાક અનુભવાશે. ધાર્મિક સ્થળોની યાત્રા વર્ષના અંત ભાગે શક્ય છે.

### સ્ટોકમાર્કેટ : ફાયદાકારક

મીન જાતકો માટે શેરબજારમાં લાંબા ગાળાના રોકાણ ફાયદાકારક રહેશે. ગુરુના કારણે એજ્યુકેશન, ફાર્મા, ટેક્નોલોજી અને ક્રિએટિવ ક્ષેત્રે નફો. ટૂંકા ગાળાના સટ્ટા ટાળવા. શનિ મજબૂત કંપનીઓમાં રોકાણથી લાભ અપાવશે. બારમા ભાવમાં રાહુ હોવાથી અચાનક કોઈ સોદામાં નુકસાન કરાવી નાખે. સતત સાવચેત રહેવું.

(શીર્ષક પંકિત: "ડો. મુકુલ ચોક્સી")

### મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર :** શનિ મીન રાશિમાં પહેલા ભાવમાં હોવાથી વર્ષ દરમ્યાન જાતકોને ભારે મહેનત કરવી પડશે. માનસિક ભારણ, એકલતા અને ક્યારેક આત્મવિશ્વાસની કમી અનુભવાશે. આરોગ્યની દ્રષ્ટિએ સાંધા-હાડકાંની તકલીફ, થાક કે ડિપ્રેશન થઈ શકે છે. નોકરીમાં કાર્ય દબાણ વધશે અને જવાબદારીઓમાં વધારો થશે પરંતુ ધીરજ રાખશો તો અંતે પ્રતિષ્ઠા અને પ્રગતિ મળશે. ધંધામાં વૃદ્ધિ ધીમે-ધીમે થશે પરંતુ મજબૂત આધારશીલતા મળશે. શનિ Fundamentally મજબૂત કંપનીઓમાં કરેલા લાંબા ગાળાના રોકાણથી ફાયદો આપશે. **કોર્ટ કેસ કે સરકારી કામોમાં વિલંબ થઈ શકે છે, પરંતુ અંતે ન્યાય તમારા પક્ષે રહેશે.**

**ગુરુની અસર :** ગુરુ કર્ક રાશિમાં પાંચમા ભાવમાં હોવાથી જાતકોમાં આત્મવિશ્વાસ, આશાવાદ અને ધાર્મિક વલણ વધશે. શિક્ષણ, સંતાન, રોકાણ અને સર્જનાત્મક ક્ષેત્રે સારાં પરિણામ મળશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા, ઉચ્ચ અભ્યાસની તક અને સંતાનથી આનંદ પ્રાપ્ત થશે. રોકાણમાં ખાસ કરીને ફાર્મા, ટેકનોલોજી અને ક્રિએટિવ ક્ષેત્રે લાભ થશે. કોર્ટ કેસોમાં ગુરુની કૃપાદ્રષ્ટિ મળવાથી અંતે સકારાત્મક પરિણામ મળશે.

**રાહુની અસર :** રાહુ કુંભ રાશિમાં બારમા ભાવમાં હોવાથી આ વર્ષે અચાનક ખર્ચ વધશે. વિદેશ પ્રવાસની તક મળશે, પરંતુ વિદેશ સંબંધિત ખર્ચ પણ વધશે. માનસિક રીતે રાહુ ભ્રમ, ચિંતા અને અશાંતિ લાવશે, તેમજ નિંદ્રાની તકલીફ કે આંખ-પગ સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. પ્રેમ અને દાંપત્યજીવનમાં અંતર કે ગેરસમજ ઊભી થઈ શકે છે. એ જ રીતે ભાગીદારી સંબંધો પણ પ્રભાવિત થશે. શેરબજારમાં રાહુ ટૂંકા ગાળાના ઉતાર-ચઢાવ લાવશે એટલે જોખમી રોકાણ ટાળવું જરૂરી છે. કાનૂની દસ્તાવેજો અને સરકારી કાગળોમાં વિશેષ સાવચેતી રાખવી.